ORIGINAL RESEARCH PAPER

Literature

# SUJATA NE 'CHAPTI' VAGADATA AAVDI GAI

**KEY WORDS:** બચાવપ્રયુક્તિ, શોષણલક્ષી વ્યક્તિત્વ, જ્ઞાતિવાદી માનસ, પ્રોબેશન, કોન્ટ્રાક્ટ સિસ્ટમ, એટ્રોસિટી, સર્વજ્ઞ કથક.

**Aashka Pandya** Arts and Commerce College, Near Railway Crossing, Vadnagar

**ABSTRACT**

પન્ના ત્રિવેદી 'ચપટી' વાર્તામાં જ્ઞાતિવાદ અને સરકારી કોન્ટ્રાક્ટ સિસ્ટમની શિક્ષણ વ્યવસ્થા પર થઈ રહેલી વિપરીત અસરોને કલાત્મક રીતે આલેખે છે. નવનીત જાની અને દશરથ પરમાર જેવા સર્જકોની વાર્તાઓમાં પણ આ વાત જોવા મળે છે. આ લેખમાં તેમની વાર્તાઓ સાથે તુલના કરીને શિક્ષણ વ્યવસ્થાનું વાસ્તવ દર્શાવ્યું છે. સુજાતાના પાત્રની રેખાઓ સર્જકે સ્મૃતિઓ, ભીતિ આંગિક ચેષ્ટાઓ વડે ઉપસાવી છે. પ્રભુ સોલંકીના પાત્રની સંકુલતા અહીં માનસશાસ્ત્રની મદદથી ઉજાગર કરી છે. તે દ્વારા સર્જકની પાત્રનિરૂપણની શક્તિનો ખ્યાલ આપ્યો છે. સર્વજ્ઞ કથકની પસંદગી વાર્તાને ઉપકારક બની છે.

શાળા, કૉલેજ જેવી શૈક્ષણિક સંસ્થાઓમાં જોવા મળતી જ્ઞાતિવાદી માનસિકતાને ગુજરાતી વાર્તાકારો, નવલકથાકારોએ પોતાની રચનાઓમાં સચોટ રીતે દર્શાવવાના પ્રયાસો કર્યા છે. જયંત ગાડીતની નવલકથા 'આવૃત્ત' તરત યાદ આવે. ગુણવંત વ્યાસની 'વિકલ્પ', 'હમ કિસીસે કમ નહીં' જેવી વાર્તાઓ, નવનીત જાનીની '૨૬મી જાન્યુઆરી' અને પન્ના ત્રિવેદીની 'ચપટી' આ જ વિષયને આલેખે છે. 'વિકલ્પ'માં બાધર જો બહાદુરસિંહ બને તો જ ગામની શાળામાં શિક્ષક તરીકે રહી શકે તેમ છે. 'હમ કિસીસે કમ નહીં'માં પગની ખોડ અને જ્ઞાતિના લીધે નાયકને વારંવાર અપમાનિત થવું પડે છે. '૨૬મી જાન્યુઆરી'માં વાળા 'અમારાવાળા' અને 'તમારાવાળા'ના ભેદભાવનો ભોગ બને છે. આ વાર્તાઓમાં દલિત શિક્ષિત યુવક સવર્ણ ઉપરી અધિકારીની જ્ઞાતિવાદી માનસિકતાનો ભોગ બને છે. ('વિકલ્પ'માં આચાર્ય બાધરના વિરોધી નથી પણ ગામનું માનસ જ્ઞાતિવાદી છે.) પન્ના ત્રિવેદીની 'ચપટી' વાર્તામાં નાયિકા ઉચ્ચ વર્ણની છે. ઉપરી અધિકારી દલિત જ્ઞાતિનો છે. આ અર્થમાં 'ચપટી' વાર્તા સિક્કાની બીજી બાજુ બતાવતી રચના છે. '૨૬મી જાન્યુઆરી' અને 'ચપટી' બંને વાર્તામાં સરકારી નીતિ – કોન્ટ્રાક્ટ પ્રથા અને પ્રોબેશનને (વેઠપ્રથા વધુ સારો શબ્દ છે) લીધે નવાસવા શિક્ષકોના થતાં શોષણને પણ વાર્તાકારો દર્શાવે છે. આથી, આ બંને વાર્તાઓ બેવડા શોષણને – સરકારી અને જ્ઞાતિવાદી માનસિકતાને રજૂ કરે છે તેમ કહી શકાય.

'ચપટી' વાર્તાની નાયિકા સુજાતા ઉપાધ્યાય શાળામાં ગુજરાતીની શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે. શાળાના આચાર્ય પ્રભુ સોલંકી છે. સુજાતાનો પતિ સુધીર પ્રાઇવેટ સ્કૂલમાં ક્રાફ્ટ ટીચર તરીકે મહીને પચ્ચીસો રૂપિયા કમાય છે. મોંઘવારીમાં પહોંચી વળવું મુશ્કેલ કામ છે. તેમાંય સુજાતા હજુ પ્રોબેશન પર છે. કાયમી થઇ નથી. પ્રભુ સોલંકી આ વાત જાણે છે. સુજાતા આર્થિક રીતે સક્ષમ નથી તેથી આજે નહીં તો કાલે પોતાને જાત સોંપી જ દેશે એવા દૃઢ વિશ્વાસ સાથે પ્રભુ સોલંકી તેને કનડતો રહે છે. સુજાતાના સાથી શિક્ષકો તમાશો જોયા કરે છે પણ તેની પડખે ઊભાં રહેતાં નથી. તેર તારીખે સુજાતા ક્યાં હતી? લાંબો સમય તે શાળામાં હાજર નહોતી. એ પ્રશ્નનો ખુલાસો સુજાતા નહીં કરે તો પોતે તેને મેમો પકડાવી દેશે એવી ધમકી પ્રભુ સોલંકી આપે છે. ગભરાયેલી સુજાતાને તેનો પતિ સુધીર સાંત્વના આપતા કહે છે, 'તું કહે તેમ સુજાતા. હું છું તારી સાથે. તું લડીશ તોય અને નોકરી છોડી દઈશ તોય.' (પૃ-૧૦) સુધીરના આ શબ્દોથી ધરપત અનુભવતી સુજાતા કેલેન્ડરમાં જુએ છે કે તેર તારીખે રવિવાર હતો! બીજા દિવસે સવારે સુજાતા પ્રભુ સોલંકીની કેબિનમાં પહોંચી જાય છે. પોતાનું રાજીનામું પ્રભુ સોલંકીના ટેબલ પર મૂકતાં કહે છે, 'તમે મારે લાયક નથી અને તમારી વર્તણૂક સંતોષજનક નથી.' પ્રભુ સોલંકીના કાન પાસે ચપટી વગાડતી સુજાતા કેબિનની બહાર નીકળી જાય છે ત્યાં વાર્તા પૂરી થાય છે.

સર્વજ્ઞનું કથનકેન્દ્ર ધરાવતી 'ચપટી' વાર્તામાં સમય બીજા દિવસના અગિયાર વાગ્યા સુધીનો અર્થાત એક દિવસનો છે. વાર્તાનો આરંભ મંગો પટાવાળો સુજાતાને 'સાહેબ બોલાવે છે' કહે છે ત્યાંથી થાય છે. મંગાના શબ્દો સાંભળતાંવેંત સુજાતાને શાળાએ આવતી વેળાએ બજારમાં કાળા બકરાએ એક નાની છોકરીને હડફેટે લીધી હતી તે દૃશ્ય યાદ આવી જાય છે. વાર્તાકાર સુજાતાના ફફડાટને આ સ્મૃતિ વડે દર્શાવે છે. પ્રભુ સોલંકીની કેબિનમાં જતાં પહેલાં સુજાતાને આવતા વિચારો, તેની ચેષ્ટાઓનું કથક નિરૂપણ કરીને સુજાતાની બીક, ગભરામણને તાદૃશ કરાવે છે.

'સાહેબ બોલાવે છે મંગાના શબ્દો સાંભળતા જ જરીક નિરાંતે પગ લંબાવી બેઠેલી સુજાતા એકાએક પૂતળી બની ગઈ. (પૃ-૦૧)

'છાતીના પાટિયાં બેસવાં માંડયાં.' (પૃ-૦૧)

'સુજાતાની નજર સામે બે અણીદાર શિંગડાં દેખાઈ રહ્યાં. તેને ફફડાટ થવા લાગ્યો.' (પૃ-૦૨)

'મંગાના આ શબ્દોએ તેને લાકડાની ખુરશી પરથી ધક્કો મારીને ભયાનક કોઈ અંધારિયા કૂવામાં ફેંકી દીધી હોય અથવા તો થાંભલો બની ગયેલા તેના આખા શરીર પર એકાએક બીક નામની વનસ્પતિની પાંદડાવાળી વેલ વીંટળાઈ વળી હોય.' (પૃ-૦૨)

સુજાતાની આ ચેષ્ટાઓ જોવા જેવી છે.

'સુજાતાની બંને આંખોએ સામેની બારે ય આંખો તરફ વારાફરતી જોયું. તેના હોઠે હસવાનો કઢંગો અભિનય કર્યો. તેના હાથે આગળથી સાડી સરખી કરી. ટાંટિયામાં ઝણઝણાટી થતી હતી. પગ રીતસરના થથરતા હતા.' (પૃ-૦૨)

કથકની સહાનુભુતિ સુજાતા પ્રત્યે છે. કથકની આ સહાનુભુતિ લાગણીવેડામાં સરી જતી નથી. તે તટસ્થ રીતે કેમેરાની જેમ સુજાતાની શારીરિક ચેષ્ટાઓ દર્શાવે છે. તેથી ભાવકને સુજાતાની ભીતિ, ઉચાટની પાછળનું કારણ જાણવાની જિજ્ઞાસા જન્મે. આચાર્ય પાંચ મિનિટ વર્ગખંડમાંથી વહેલા નીકળી જવાની વાતે સુજાતાનો ઉધડો લે ત્યારે કેબિનમાં ઊભેલી સુજાતાનું ચિત્ત બાળપણની સ્મૃતિઓમાં સરી જાય. કટુ વાસ્તવમાંથી છુટવા સુજાતા સ્મૃતિઓનો સહારો લઈ રહી છે તે સુજ્ઞ ભાવક પામી જાય. તે ધીમે ધીમે તૂટી રહી છે, નબળી પડી રહી છે. તેનો અહમ સ્મૃતિનો ઉપયોગ બચાવપ્રયુક્તિ તરીકે કરે. સ્કૂલમાં બહેને 'બા મને

ચપટી વગાડતા આવડી ગઈ' કવિતા ગવડાવી હતી તે ક્ષણ સુજાતાના ચિત્તમાં રમવા લાગે. વાર્તાના આરંભે મુકેલ નાની છોકરી અને કાળા બકરાનો પ્રસંગ યાદ આવે. અહીં નાની છોકરી કે બાળપણની સ્મૃતિઓ વડે વાર્તાકાર સુજાતાની નિર્દોષતા સૂચવે છે. સાથે સુજાતાનો અહમ તૂટી રહ્યો છે એ પણ સૂચવાય છે. કથક સુજાતાના મનોવ્યાપારને આલેખે છે. તે કહે છે,

'સાહેબે આદતવશ એટલા જોરમાં ચપટી વગાડી કે સુજાતાને લાગ્યું કે જાણે સાહેબે તેમના જાડા અંગૂઠા અને પ્રમાણમાં નાની એવી મધ્યમા વચ્ચે તેની આખી જાત મસળી નાંખી.' (પૃ-૦૩)

'મસળી નાંખી' શબ્દો આચાર્યની વાસના, પરપીડનવૃત્તિ સૂચવે છે. સાહેબ સામે સુજાતાની કોઈ વિસાત નથી એવી સુજાતાની માનસિકતા રાતોરાત નથી થઈ. આચાર્યએ કેબિનમાં સુજાતાનો હાથ પકડી લીધો હતો. સુજાતાએ વાત સ્વીકારી નહોતી. તે ક્ષણથી પ્રભુ સોલંકી રોજરોજ સુજાતાના આત્મવિશ્વાસ પર પ્રહાર કરતો રહે છે. ભાવકને પ્રશ્ન થાય કે સુજાતા ફરિયાદ શા માટે નથી કરતી? પતિની ઓછી આવક અને વધતી જતી મોંઘવારી, સરકારની શોષણનીતિ સમાન પ્રોબેશનનો સમયગાળો અને આચાર્યનું દલિત હોવું. પ્રભુ 'સોલંકી' હોવાનો લાભ જાણે છે. તે સુજાતાને કહે છે,

'આમ ચપટીમાં જ બે સાક્ષી ઊભાં કરી દઉં. કેવું લાગશે જો એટ્રોસિટીના મામલે સુજાતા ઉપાધ્યાય પર કેસ ચાલે?' (પૃ-૦૯)

આટલું ઓછુ હોય તેમ સાથી શિક્ષકોએ 'જીભને તાળા મારી દીધાં' છે.

પન્ના ત્રિવેદીએ અહીં ઝીણવટથી સુજાતાના ડર પાછળના વાસ્તવિક પરિબળો આલેખ્યાં છે. વાર્તામાં સુજાતા જેટલું જ અગત્યનું પાત્ર પ્રભુ સોલંકીનું છે. પ્રથમ નજરે જ્ઞાતિવાદી માનસિકતાવાળો તે લાગે પરંતુ માનસશાસ્ત્રીય દૃષ્ટિકોણથી પ્રભુ સોલંકીના વાણી-વર્તનને તપાસીએ ત્યારે તેની પરપીડનવૃત્તિ, શોષણલક્ષી વ્યક્તિત્વ સમજાય. દશરથ પરમારની 'અનપેક્ષિત' વાર્તાનો ઉપરી અધિકારી પી.જી.ગુજરાતી યાદ આવી જાય. કથક પ્રભુ સોલંકીનું વર્ણન કરતાં કહે છે,

'ચકચકતા ટેબલ ઉપર કાળા રંગની નેઇમપ્લેટ પર સોનેરી અક્ષરોમાં લખાયેલું એક નામ પડયું હતું – આચાર્ય શ્રી પ્રભુ સોલંકી. એવાં જ કાળા રંગના ચહેરા પર સોનેરી ફ્રેમનાં ચશ્માં પાછળની છપ્પન વરસની બે આંખો અઠ્ઠાવીસ વરસની બે ગભરુ આંખોને તાકી રહી.' (પૃ-૦૨)

સોનેરી ફ્રેમના ચશ્મા, એક સોનેરી દાંત, ત્રણ સોનાની વીંટી – પ્રભુ સોલંકીના કાળા રંગ સાથે સોનાનું આ વર્ણન (વળગણની હદનું) સૂચક છે. વાર્તાકાર પ્રભુ સોલંકીના લોભી માનસને આ રીતે ઉપસાવે છે.

'તેમના સફેદ દાંત વચ્ચે જમણી બાજુના ખૂણે એક સોનાનો પીળો દાંત ડોકિયું કરી રહ્યો હતો.' (પૃ-૦૭)

નવાસવા હાજર થયેલા શર્માને પ્રભુ સોલંકી કહે છે, 'તમારા પૂર્વજોએ બહુ પીડયા છે અમારા વડવાઓને. અતાર લગી બહુ વેઠયું છે અમે.' (પૃ-૦૯)

અહીં પ્રભુ સવર્ણો સાથે વેર લેતો લાગે પણ હકીકત તેમ નથી. વાર્તાકારે પ્રભુ સોલંકીનું પાત્ર સાવ સરલીકૃત નથી કર્યું જે યોગ્ય છે. પ્રભુ પૂરેપૂરો ગણતરીબાજ, ખંધો, લોલુપ વ્યક્તિ છે. તે સુજાતાનો હાથ પકડી લે છે એ વેળાનો તેનો સંવાદ જુઓ.

'હું બેઠો હોઉં ત્યારે તમારે શેનું ડરવાનું? મને બધી ખબર છે તમારી મુશ્કેલીઓની. ઘર ચલાવવામાં કેવી મુશ્કેલી પડતી હશે. આજના વખતમાં પતિની પચ્ચીસો રૂપૈડીની કમાઈમાં ખાવું શું ને જીવવું શું? પાછી નોકરી પણ તદ્દન કામચલાઉ! ને એમાંય પ્રાથમિક સ્કૂલમાં ક્રાફ્ટ ટીચર... આજકાલ તો ફરજિયાત વિષયોની ભરતીમાંય ઓટ છે ત્યાં આવા દોઢ ફૂટયા વિષયોનું સુરસુરિયું ન થાય તો શું થાય? ને પાછાં તમે પણ હજી પ્રોબેશનમાં, નંઈ? જુઓને એક ફરફરિયું ગયું તમારા નામનું કે ખલાસ!' (પૃ-૦૮)

અહીં પ્રભુની પાક્કી ગણતરીનો ખ્યાલ આવે. દબાવી, નમાવીને ઉચ્ચવર્ણની સ્ત્રીઓને ભોગવવાનો સંતોષ લે તો જ પ્રભુ સોલંકી ખુશ થાય. ખુરશીના લીધે નોકરિયાત સ્ત્રીને બાપીકી જાગીર માનવાની તેની વૃતિ અહીં છતી થાય છે. સુજાતા પહેલાં બે-ત્રણ શિક્ષિકાઓ સાથે તે આમ કરી ચૂક્યો છે. એક શિક્ષિકાને સાસરીમાં ઝઘડા છે અને બીજીને ધણી ન હોવાથી સાસરેથી કાઢી મૂકી છે. પ્રભુ સોલંકી આવી શિક્ષિકાઓને જાળમાં સપડાવે છે. તે પોતાની કેબિનમાં જ છૂટછાટ લે છે. કેબિન તેની સત્તાનું કેન્દ્ર છે. પ્રભુ સોલંકી જેવાં લોકો સત્તાનો દમામ બતાવે તો જ જીવી શકે. પ્રભુ સોલંકી, પી.જી.ગુજરાતી ('અનપેક્ષિત') અને '૨૬મી જાન્યુઆરી'નો સવર્ણ આચાર્ય – આ ત્રણેયમાં સત્તાનો દમામ બતાવવાની વૃત્તિ જોવા મળે છે. પ્રભુ સોલંકીની વાસના, વિકૃતિ આ સંવાદમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે.

'સમજી શકાય છે કે માણસ છીએ એટલે બંધ બારણાંવાળી જગ્યાએ જવું પડે સમયેસમયે. કુદરતી છે. તમે એ જ કહેવા માંગો છો ને કે ત્યાં જ કદાચ... પણ મિસિસ સુજાતા ઉપાધ્યાય, તમને તો બંધ બારણે ગૂંગળામણ થાય છે નહીં?' (પૃ-૦૬)

'રાહ જોવાનો અર્થ સમજો છો ને? આ પહેલાં પણ મેં સમજાવાનો પ્રયાસ કરેલો તમને. યાદ છે ને? પણ તમે તો.' (પૃ-૦૬)

૧૩ તારીખે તમે ક્યાં હતા? એમ ઉલટતપાસ કરતાંકરતાં જ ચાલાકીથી અન્ય શિક્ષકોની હાજરીમાં પ્રભુ સોલંકી સુજાતાને શરણે થઈ જવાની ચેતવણી આપી દે છે. વાર્તાકારે કુશળતાથી પ્રભુ સોલંકીનું સંકુલ વ્યક્તિત્વ ઉપસાવ્યું છે. સવર્ણ સ્ત્રી અને દલિત ઉપરી અધિકારી એવા સરલીકરણમાં 'ચપટી' વાર્તા સરી જતી નથી તેના મૂળમાં પ્રભુનું પાત્રચિત્રણ છે તેમ સ્પષ્ટપણે કહી શકાય. આ જ સર્જક પન્ના ત્રિવેદીની કમાલ છે.

આ તરફ સુજાતા ઘરે આવે છે ત્યારે તેનાથી ચિન્ટુ પર બરાડો પડાઈ જાય છે. કેમ? ચિન્ટુ જોરથી બારણું ખોલે છે અને બારણું તરત બંધ થઈ જાય છે. સુજ્ઞ ભાવકને પ્રભુ સોલંકીએ કેબિનનું બારણું બંધ કરી સુજાતાનો હાથ પકડ્યો હતો તે પ્રસંગ યાદ આવી જાય.

વાર્તાના અંતે સુજાતાની નજર કેલેન્ડર પર પડે છે. તેર તારીખ, રવિવાર વાંચીને સુજાતાની ભીતર 'પીડાનું એક આખું જંગલ ઊગી' આવે છે. સુધીરની હૂંફથી મજબૂત બનેલી સુજાતા બીજા દિવસે સવારે આચાર્યની કેબિનમાં પહોંચી જાય છે. સાહેબની આંખમાં આંખ પરોવીને તે કહે છે,

'તેર તારીખે તમે પણ આ ખુરશી પર નહોતા. લાંબા સમય સુધી. ક્યાં ગયા હતા સાહેબ? એ દિવસે તમે ઘેર હતા. કેમ કે તેર તારીખે રવિવાર

હતો. સાહેબ, મારો અપરાધ એ જ છે કે હું સુ-જાતા છું? કે પછી એ કે હું સુજાતા છું? આ મારું રાજીનામું છે. તમારી નોકરીની મારે કોઈ જરૂર નથી... તમે મારે લાયક નથી અને તમારી વર્તણૂક સંતોષજનક નથી.' (પૃ-૧૧)

પ્રભુ સોલંકીની ચપટી સત્તા, શોષણ, મસળી નાંખવાની વૃત્તિ સૂચવે છે અને સુજાતાની ચપટી તેના આત્મવિશ્વાસ, શોષણખોરનો પ્રતિકાર સૂચવે છે.

ઉપરી અધિકારીનું જ્ઞાતિવાદી માનસ અને શોષણલક્ષી વ્યક્તિત્વ, સર્વજ્ઞ કથકની સહાનુભૂતિસભર તટસ્થતા, સાથી શિક્ષકોનું ચૂપ રહેવું (એ દ્વારા આપણું સામૂહિક માનસ), સુજાતા-સુધીરના સુખી લગ્નજીવનનું એક લસરકામાં થયેલું ચિત્રણ, સુજાતાના સંવેદનોનું નજાકતસભર નિરૂપણ અને પ્રભુ સોલંકીનું સંકુલ વ્યક્તિત્વ – આ બધાંની વાર્તામાં થયેલી સુરેખ ગૂંથણીના લીધે 'ચપટી' વાર્તા આસ્વાદ્ય બની છે.

**સંદર્ભ:**


૧) 'સાતમો દિવસ', પન્ના ત્રિવેદી, રન્નાદે પ્રકાશન, ૨૦૧૬
૨) 'કાલની ઘડી ને આજનો દિ', નવનીત જાની, લટ્ટર પ્રકાશન, ૨૦૧૯